eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 276
June 17, 2010

## તા. ૧૩/૦૬/૨૦૧૧ ના રોજ લિંબાયત ઝોનમાં પ્રિમોન્સુન કામગીરી માટે મીટીંગનું આયોજન

તા. ૧૩/૦૬/૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન આગામી ચોમાસા દરમ્યાન સંભવિત વરસાદ,પુર,વાવાઝોડા જેવી આફતોને પહોંચી વળવા માટે પ્રિમોન્સુન કામગીરી સંદર્ભે લેવા જોગ તકેદારીના પગલા બાબતે ઈજનેરી વિભાગ/આરોગ્ય વિભાગના અધિકારી/કર્મચારીઓને ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રીપેર્ડનેશ પ્લાન અંગે જરૂરી માર્ગદર્શન આપવા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પીટલો અને હેલ્થ સેન્ટરોમાં પુરી પાડવામાં આવતી સુવિધાઓમાં વધારો થતાં નવા ચાર્જીસ નકકી કરવામાં આવ્યા

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતી ધર્માદા હોસ્પીટલ, સ્મીમેર હોસ્પીટલ, આરોગ્ય ખાતા હસ્તકના અન્ય હેલ્થ સેન્ટરો, હેલ્થ સેન્ટરો, હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ, ડીસ્પેન્સરી અને દવાખાનાઓમાં અગાઉના વિવિધ વર્ષોમાં થયેલ ઠરાવોને આધિન ચાર્જીસ વસુલ કરવામાં આવતાં હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૪/૦૬/૨૦૧૧ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ



વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા. ૧૪/૦૬/૨૦૧૧ ને મંગળવારને આજરોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે કમિશ્નરશ્રી ધ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગ ધ્વારા આરોગ્યલક્ષી ઝુંબેશનું આયોજન

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી  ડો.વી.વી.પરમાર અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી ઈકબાલ શેખના માર્ગદર્શન હેઠળ મિઠીખાડી આરોગ્ય વોર્ડ ઓફીસના સ્ટાફ મારફત મિઠીખાડી, લાલ બિલ્ડીંગ, નુરાનીનગર, નુરાની મસ્જીદ રોડના વિસ્તારોમાં મરઘી, મટન, ફરસાણ, મચ્છી વિગેરે જેવા ખાદ્ય પદાર્થો ખુલ્લામાં રાખી વેચાણ કરતા ઈસમ સામે આરોગ્યલક્ષી ઝુંબેશ કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૧૩/૦૬/૨૦૧૧ ના રોજ લિંબાયત ઝોનમાં પ્રિમોન્સુન કામગીરી માટે મીટીંગનું આયોજન

તા. ૧૩/૦૬/૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન આગામી ચોમાસા દરમ્યાન સંભવિત વરસાદ,પુર,વાવાઝોડા જેવી આફતોને પહોંચી વળવા માટે પ્રિમોન્સુન કામગીરી સંદર્ભે લેવા જોગ તકેદારીના પગલા બાબતે ઈજનેરી વિભાગ/આરોગ્ય વિભાગના અધિકારી/કર્મચારીઓને ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રીપેર્ડનેશ પ્લાન અંગે જરૂરી માર્ગદર્શન આપવા સીટી ઈજનેરશ્રીના અધ્યક્ષ સ્થાને સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) નાં મીટીંગ હોલમાં એક ટ્રેનીંગ સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સીટી ઈજનેરશ્રીએ મીટીગનો હેતુ, કુદરતી આફતના સમયે  કામગીરીની અગ્રીમતા, ફિલ્ડવર્ક અને માહિતી સંકલન બાબતે માર્ગદર્શન આપી આરોગ્ય અને ટેકનીકલ વિભાગનાં કર્મચારીઓએ ટીમવર્કથી એકબીજાના સંકલનમાં રહી કામગીરી કરવા સૂચન કર્યું. ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રીએ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રીપેર્ડનેશ પ્લાન અંતર્ગત કંટ્રોલ રૂમમાં સંભવિત આફતને પહોંચી વળવા ગોઠવવામાં આવેલ વ્યવસ્થા અને તેને સંલગ્ન કામગીરી બાબતે માર્ગદર્શન આપ્યું તથા જુદા જુદા વર્ષોમાં આવેલ ફલડના આધારે તૈયાર કરેલા મેપ દર્શાવી કયા વિસ્તારો અસરગ્રસ્ત થઈ શકે તે અંગે માહિતી આપી. ડે.ટાઉન પ્લાનરશ્રીએ સદર બાબતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરી સંભવિત આફતના સમયે રાહતકેન્દ્રો ઉપર ગોઠવેલ વ્યવસ્થા અને કરવાજોગ કામગીરી, મશીનરી, મેન પાવર અને રાહત કામગીરીના વિતરણ તથા આફતના સમયે અસરગ્રસ્તોને રાહતકેન્દ્ર ઉપર પહોંચાડવા સાધન સામગ્રી અને વાહનોની ફાળવણી અને ખાનગી સંસ્થા પાસેથી વાહનો અને સાધનો મેળવવા બાબતે માર્ગદર્શન આપ્યું. નાયબ આરોગ્ય અધિકારીશ્રીએ આફતના સમયે અસરગ્રસ્ત વિભાગમાં સાફ સફાઈ,મરેલા નાનામોટા જાનવરોના નિકાલ, આરોગ્યલક્ષી કામગીરી,રોગચાળો ફેલાતો અટકાવવા માટે સાવચેતીના પગલાં અને પુનઃવસનના સ્ટેજ સુધીની માઈક્રોલેવલે કરવાજોગ કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું. અંતે પર્સોનેલ ઓફિસરશ્રીએ ટ્રેનીંગમાં હાજર રહેલ તમામનો આભાર માની ટ્રેનીંગ સેમીનારનું સમાપન કરવામાં આવ્યું.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પીટલો અને હેલ્થ સેન્ટરોમાં પુરી પાડવામાં આવતી સુવિધાઓમાં વધારો થતાં નવા ચાર્જીસ નકકી કરવામાં આવ્યા

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતી ધર્માદા હોસ્પીટલ, સ્મીમેર હોસ્પીટલ, આરોગ્ય ખાતા હસ્તકના અન્ય હેલ્થ સેન્ટરો, હેલ્થ સેન્ટરો, હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ, ડીસ્પેન્સરી અને દવાખાનાઓમાં અગાઉના વિવિધ વર્ષોમાં થયેલ ઠરાવોને આધિન ચાર્જીસ વસુલ કરવામાં આવતાં હતા. સમયાંતરે સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પીટલો અને હેલ્થ સેન્ટરોમાં પુરી પાડવામાં આવતી સુવિધાઓમાં વધારો થતાં નવા ચાર્જીસ નકકી કરવા તેમજ જુનાં ચાર્જીસમાં સુધારો કરવા અગાઉનાં ઠરાવો રદ કરી સામાન્યસભા ઠરાવ નં.૧૭૭/૨૦૧૧, તા. ૨૭/૪/૧૧ થી મંજુર થયા મુજબ ઠરાવમાં દર્શાવેલ વિગતે વિવિધ ચાર્જીસ વિગેરેની નવી નીતિનો અમલ તા. ૧૫/૬/૧૧ ને બુધવારના રોજથી કરાનાર છે. આ ઠરાવ મુજબ સારવારના ચાર્જીસો, ડીપોઝીટ, ઓપરેશન ચાર્જીસ, સર્ટીફીકેટ ફી, માફી વિગેરે અંગે જરૂરી સુધારો કરવામાં આવેલ છે. આ ઠરાવ મુજબ ઓ.પી.ડી. કેસની વેલીડીટી ૭ મહિના સુધીની રહેશે. જેથી જે તે પેશન્ટોને અગાઉ અપાયેલ ટ્રીટમેન્ટ ડોકટરો જોઈ શકે અને તે મુજબ રોગનું નિરાકરણ લાવી શકે. ઓ.પી.ડી. કેસ રજીસ્ટ્રેશનના રૂા. ૧૦/–, ઈન્જેકશન ફીના રૂા. ૫/–,એક દિવસની દવાના રૂા. ૫/– તથા કોઈ પણ પ્રકારનું હેલ્થ સર્ટીફીકેટના રૂા. ૫૦/– ચુકવવાના રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪/૦૬/૨૦૧૧ ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ

વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા. ૧૪/૦૬/૨૦૧૧ ને મંગળવારને આજરોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે કમિશનરશ્રી ધ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરી મીટીંગના આયોજનની રૂપરેખા આપવા જણાવ્યું કે, આપત્તિ સમયે મોટાપાયા પર અસર થાય ત્યારે નાગરિકો–સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા સુનિયોજિત કામગીરી થાય, સ્વૈચ્છિક સંસ્થા સાથે સંકલન કરવા અર્થે ઝોન કક્ષાએ પણ બેઠકો થાય છે. આ વર્ષે પણ થયેલ છે. હવે શહેર કક્ષાની બેઠક સુરત મહાનગરપાલિકા ધ્વારા છે, પ્રિમોન્સુનની પૂર્વ તૈયારીના ભાગરૂપે પ્રેઝન્ટેશન હકારાત્મક અને શહેરને ઉપયોગી નીવડે તેવા સૂચનો આવકારવામાં આવે છે.





ત્યારબાદ સીટી ઈજનેરશ્રી ધ્વારા પ્રેઝન્ટેશન રજુ કરી શહેરમાં નદીપુર, ખાડીપુર તથા ભારે વરસાદની પરિસ્થિતિ તથા પાણીનો ભરાવોને કારણે થતી સંભવિત અસરો સંદર્ભે મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ પુર્વ તૈયારી જેવી કે ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રિપેર્ડનેશ પ્લાનની વિગતો અધ્યતન કરી મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ પૈકી કોણ, કયાં શું કામગીરી કરશે, તેની નિશ્ચિત કરવામાં આવેલ વિગતો, ફલડગેટ, વાહન મશીનરીઓ, જનરેટર સેટ વિગેરેનાં સર્વિસીંગ/મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, જરૂરી મટીરીયલનો સ્ટોક, ઝોન કક્ષાએ ઝોન વાર/વોર્ડ વાર તૈયાર કરવામાં આવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મહાનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી/તાલીમ ઉપરાંત નીચાણવાળા વિસ્તાર, રાહત કેન્દ્ર વધારાની જરૂરીયાત તેમજ હેવી વ્હીકલ/મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહીત કરવામાં આવેલ વિવિધ કામગીરીનું નિર્દેશન કરવામાં આવ્યું.

''પ્રિવેન્સન ઓફ એપીડેમીકસ પ્રિપર્ડનેશ'' સંદર્ભ ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિ ઉદભવે તેવા સમયે પાણીજન્ય રોગો, કિટક જન્ય રોગ, વાયરલ ફીવર, લેપ્ટો જેવાનાં અટકાયતી માટે આરોગ્ય વિભાગની પૂર્વ તૈયારીની વિગતવાર માહિતી ડે.કમિશનર(હે. અને હો.) શ્રી એચ.એસ.દેસાઈ ધ્વારા નિર્દેશન કરવામાં આવ્યું. સ્વૈચ્છિક સંસ્થાઓ કઈ રીતે મદદરૂપ થઈ શકે, તેની ભૂમિકાની પણ વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા. ત્યારબાદ ખાડીપૂરના સંદર્ભે લિંબાયત ઝોન તથા નદીપૂરનાં સંદર્ભે રાંદેર ઝોન ધ્વારા કરવામાં આવેલ કામગીરીનું પ્રતિકાત્મક રૂપે નિર્દેશન કરવામાં આવ્યું.

**Continue …**

પ્રેઝન્ટેશન પૂર્ણ થતાં ઉપસ્થિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો ધ્વારા મહાનગરપાલિકાના કાર્યોમાં સંપુર્ણ સહકારની ખાતરી આપવામાં આવી તેમજ તેઓ ધ્વારા સુચનો જેવા કે,

- પૂર જેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે તેવા સમયે રાહત–બચાવની કામગીરી માટે તરવૈયાઓ બહોળા પ્રમાણમાં મળી રહે તે માટે ટ્રેનીંગ કેમ્પનું આયોજન કરવું જોઈએ.
- પૂરના સમયે બચાવ કામગીરી સંદર્ભે મીલેટરી કેમ્પમાં ટ્રકનો ઉપયોગ થાય છે, તે મુજબની ટ્રકની વ્યવસ્થા કરવી જોઈએ.
- મેડીકલ એસોસીએશન સ્તરે મીટીંગનું આયોજન કરવું જોઈએ.
- ટુ વ્હીલર,થ્રી વ્હીલર વિગેરે વાહનો પૂરનાં પાણીમાં ડૂબવાથી કે પંચર પડવાથી ખોટકાય તેને ઝડપથી કાર્યરત કરવા ગેરેજ સંચાલકો સાથે મીટીંગ કરવી જોઈએ.
- દક્ષિણ ગુજરાત વીજ કંપની ધ્વારા પુરો પાડવામાં આવતો વીજ પુરવઠો સામાન્ય ભારે વરસાદમાં પણ બંધ થવાથી ઈલેકટ્રોનિક મીડિયા પ્રસારિત થતી માહિતી મેળવી શકાતી નથી. વિદ્યુત પ્રવાહ ચાલુ રહે તે માટે દક્ષિણ ગુજરાત વીજ કંપની સાથે સંકલન કરવું જોઈએ.
- બિમાર વ્યકિતઓ,સગર્ભાઓને તબીબી સારવાર મળી રહે તે માટે જરૂરી સગવડ કરવી જોઈએ.

વિગેરે રજુ કરવામાં આવ્યા, તે સંદર્ભે કમિશનરશ્રી ધ્વારા પ્રતિભાવ વ્યકત કરવામાં આવ્યો.

મા.મેયરશ્રીએ, પ્રથમ નાગરિક તરીકેના પ્રસંગોચીત ઉદ્‌બોધનમાં વ્યવસ્થાપન–મેનેજમેન્ટ શબ્દ સમાજનાં તમામ વર્ગના તમામ નાગરિકોની રોજીંદી જીંદગી સાથે સંકળાયેલ હોવાથી તે ખૂબ જ અગત્યનો બની રહે તેમ જણાવી, આપત્તિ વ્યવસ્થાપન યોજનાથી આફત અને તે પ્રત્યેના પ્રતિભાવ વચ્ચેના સમયને શકય તેટલો ઘટાડી, સંપત્તિ અને જાનમાલની નુકશાનીમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય, તે સાથે મહાનગરપાલિકા ધ્વારા આ પ્રકારનાં આયોજન થકી લોકજાગૃતિ આવકારદાયક રીતે વધી રહી હોવાનું પણ જણાવ્યું અને માન.મુખ્યમંત્રીશ્રી ''વન થીમ,વન વીઝન,વન મિશન'',''મેં નહી,હમ'' ની પરિકલ્પના ચરિતાર્થ કરવા ''ટીમ સુરત'' તરીકે સહભાગી થવા અને લોકભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડવા સૌને જણાવ્યું.

મીટીંગના અંતમાં ડે.મેયરશ્રી ધ્વારા પોતાનો પ્રતિભાવ તથા આભાર વ્યકત કરવામાં આવ્યો.

ઉપરોકત કાર્યક્રમમાં મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, નેતા–શાસકપક્ષ શ્રી દયાશંકર સીંગ, નેતા–કોંગ્રેસ પક્ષ શ્રી બાબુભાઈ રાયકા, કમિશનર કુ.એસ.અપર્ણા, એડવાઈઝર શ્રી વી.ડી.પટેલ, સીટી ઈજનેરશ્રી જે.એસ.શાહ, ડે.કમિશ્નર(પી.એન્ડ ડી.) શ્રી જે.એમ.પટેલ, ડે.કમિશ્નર(ફાયનાન્સ) શ્રી એસ.એન.મહેતા, એડી.સીટી ઈજનેર(વરાછા) શ્રી કે.એસ.પટેલ, એડી.સીટી ઈજનેર(ડ્રેનેજ) શ્રી બી.આઈ.દલાલ, ઈ.ચા.એડી.સીટી.ઈજનેરશ્રી જે.કે.શાહ, ઝોનલ ચીફશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રીઓ, ઝોનના સદર કામગીરીને સંલગ્ન સ્ટાફ સાથે હાજર રહયા હતાં. ઉપરાંત શહેરની નામી સ્વૈચ્છિક સંસ્થાઓ સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતિ, સેવા સેતુ ટ્રસ્ટ, સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ,ઉમીયા પરિવાર ટ્રસ્ટ,સેઈલર સ્પોર્ટસ કલબ, માનવ ગૌ સેવા ટ્રસ્ટ,અખિલ ભારતીય ઉત્કર્ષ મહીલા મંડળ, મધર ચેરીટેબલ ટ્રસ્ટ, ગોવાલક મિત્ર મંડળ વિગેરેના હોદ્દેદારો/પ્રતિનિધિઓ તથા શહેરના અગ્રગણી નાગરિકો હાજર રહયા હતા.

TOP

## લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી ઝુંબેશનું આયોજન

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.વી.વી.પરમાર અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી ઈકબાલ શેખના માર્ગદર્શન હેઠળ મિઠીખાડી આરોગ્ય વોર્ડ ઓફીસના સ્ટાફ મારફત મિઠીખાડી, લાલ બિલ્ડીંગ, નુરાનીનગર, નુરાની મસ્જીદ રોડના વિસ્તારોમાં મરઘી, મટન, ફરસાણ, મચ્છી વિગેરે જેવા ખાદ્ય પદાર્થો ખુલ્લામાં રાખી વેચાણ કરતા ઈસમ સામે આરોગ્યલક્ષી ઝુંબેશ કરવામાં આવી હતી. જે દરમ્યાન ૧૩ ઈસમોને લેખીત ચેતવણી આપવામાં આવી હતી.૧૨ ઈસમો પાસેથી રૂા.૨૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ હતો. તેમજ ૪૦ કિ.લો. જેટલો અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવેલ હતો. સદર અભિયાનમાં લિંબાયત પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી ઝાલા અને એમનો સ્ટાફનો સહયોગ મળેલ હતો. આ વિસ્તારના રહીશોને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ હતું. તેમજ ૧૦૦૦ નંગ કલોરીન ટેબલેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

TOP